Royal Higher Secondary School - Dhoraji

Date : 22-02-25
Marks : 360
Time : 1:00 Hour

Std - 12 Re Neet **Sub. : Biology Ch :- 15,16,17,18,19 (11)**

(1) નીચેનામાંથી ખોટું વિધાન કયું છે ?
(A) અર્ધચંદ્રાકાર વાલ્વ હૃદયમાંથી બહાર નિકળતી ધમનીઓની શરૂઆતમાં હોય છે.
(B) દ્વિદલ અને ત્રિદલ વાલ્વ હૃદબદ્ધ તંતુ વડે કર્ણકોની દિવાલ સાથે જોડાયેલા હોય છે.
(C) SA–ગાંઠ જમણા કર્ણકમાં ઉપર જમણી તરફ ગોઠવાયેલ છે.
(D) AVN જમણાં કર્ણકનાં ડાબી બાજુ નીચેની તરફ જોવા મળે છે.

(2) ..... ઉત્સેચક વડે રૂધિરરસનો નિષ્ક્રિય ફાઈબ્રિનોજન, ફાઈબ્રીનમાં ફેરવાય છે.
(A) થ્રોમ્બિન (B) ફાઈબ્રીનોજન (C) પ્રોથ્રોમ્બિન (D) થ્રોમ્બોકાઈનેઝ

(3) તંદુરસ્ત વ્યક્તિનો GFR કેટલો હોય છે ?
(A) 130 ml/min (120 L/day) (B) 120 ml/min (100 L/day)
(C) 100 ml/min (180 L/day) (D) 125 ml/min (180 L/day)

(4) વિધાન A : મૂત્રપિંડ નલિકા વિવિધ દ્રવ્યોનું પુનઃશોષણ સ્થાન છે.
વિધાન R : મૂત્રપિંડ નલિકા વિવિધ દ્રવ્યોના સ્ત્રાવનું સ્થાન છે.
(A) A અને R બંને સાચાં; R એ A ની સાચી સમજૂતી છે.
(B) A અને R બંને સાચાં; R એ A ની સાચી સમજૂતી નથી.
(C) A સાચું; R ખોટું (D) A અને R બંને ખોટાં

(5) નીચે પૈકી રુધિરમાં યુરિયાના પ્રમાણ માટે શું સાચું છે ?
(A) ફુપ્ફુસીય શિરા – ઓછું; યકૃત શિરા – વધુ (B) મૂત્રપિંડ શિરા – ઓછું; યકૃત શિરા – વધુ
(C) યકૃત શિરા – ઓછું; મૂત્રપિંડ શિરા – વધુ (D) યકૃત શિરા – વધુ; મૂત્રપિંડ શિરા – વધુ

(6) યુરિયા ત્યાગી સજીવોમાં જે અંગમાં એમોનીયાનું યુરિયામાં રૂપાંતર થાય છે તે અંગ માટે શું સાચું ?
(A) પાચિત ખોરાકનાં શોષણ માટે ઉપયોગી છે.
(B) પાચક ઉત્સેચકો ધરાવે જે પક્વાશયમાં ખોરાકનું પાચન કરે.
(C) તે હીપેટોસાઈટ્સ નામના કોષો ધરાવે.
(D) તે પેરિએટલ કોષો ધરાવે છે જે ઈન્ટ્રીન્સિક ફેક્ટરનો સ્ત્રાવ કરે છે.

(7) સાચી જોડ ગોઠવો.

કોલમ–I	કોલમ–II
(1) કોરોનરી આર્ટરી ડિસીઝ	(a) રૂધિરનું વહનને અસર કરે તેવી સ્થિતિમાં થાય.
(2) એન્જાઈના	(b) હૃદયની પમ્પીંગ કરવાની ક્ષમતા ઘટવી
(3) હૃદય નિષ્ફળતા	(c) એથરોસ્કલેરોસીસ

(A) (1-b), (2-a), (3-c) (B) (1-a), (2-b), (3-c)
(C) (1-c), (2-a), (3-b) (D) (1-c), (2-b), (3-a)

(8) માણસનું મૂત્ર સામાન્ય રીતે એસિડીક હોવાનું કારણ શું ?
(A) રૂધિર રસનાં પ્રોટીન એસિડીક હોવાનું કારણ શું ?
(B) પોટેશીયમ અને સોડીયમની ફેરબદલીથી એસિડીક થાય છે.
(C) ગાળણમાં H^+ આયનો સક્રીય રીતે સ્ત્રાવ પામે છે.
(D) પેરીટયુબ્યુલર કેશીકામાં સોડીયમ વાહક દર એક Na માટે એક H^+ આયન ફેરબદલી કરે છે.

(9) નાઈટ્રોજનયુક્ત ઉત્સર્ગ દ્રવ્યો મુખ્ય આ સ્વરૂપે નિકાલ પામે
(A) ટેડપોલમાં યુરિયા અને પુખ્ત દેડકામાં એમોનિયા
(B) જલીય કિટકોમાં એમોનીયા અને પુખ્ત દેડકામાં યુરિયા
(C) ટેડપોલ અને પુખ્ત દેડકો બન્નેમાં યુરિયા
(D) ટેડપોલમાં યુરિયા અને જલીય ઉભયજીવીમાં યુરિક એસિડ

(10) GFR એટલે ..... .
(A) બંને મૂત્રપિંડના બધા જ એકમો દ્વારા દર 10 મિનિટે ઉત્પન્ન થતા ગાળણનો જથ્થો
(B) બંને મૂત્રપિંડના બધા જ એકમો દ્વારા દર 1 કલાકે ઉત્પન્ન થતા ગાળણનો જથ્થો
(C) બંને મૂત્રપિંડના બધા જ એકમો દ્વારા દર મિનિટે ઉત્પન્ન થતા ગાળણનો જથ્થો
(D) એક જ મૂત્રપિંડના બધા જ એકમો દ્વારા દર મિનિટે ઉત્પન્ન થતા ગાળણનો જથ્થો

(11) નીચેના માંથી કોણ માનવ ઉત્સર્ગ એકમનાં ભાગનાં કાર્યને સાચી રીતે સમજાવે છે ?
(A) પોડોસાઈટ્સ : રૂધિરનાં બાઉમેનની કોથળીમાં થતાં ગાળણ માટે સુક્ષ્મછિદ્રો નિર્માણ કરે.
(B) હેન્લેનો પાશ : રૂધિરકેશિકા ગાળણ માંથી મોટા ભાગનાં દ્રવ્યોનું પુનઃશોષણ
(C) સંગ્રહ નલીકા : આસપાસની રૂધિરકેશિકા માંથી K^+ આયનોનું પુનઃશોષણ
(D) અંતર્વાહી ધમનીકા – રૂધિરકેશિકાગુચ્છ માંથી રૂધિરને મુત્રપિંડ શિરા તરફ લઈ જાય.

(12) ફાઈબ્રીનોજન, ગ્લોબ્યુલીન્સ અને આલ્યુબ્યુમીન્સ માટે શું સાચું ?
(A) તે કુલ રૂધિરમાં 60 % ભાગ જેટલાં છે.
(B) તે બધાં જ રૂધિરરસમાં સક્રિય સ્વરૂપમાં હોય છે.
(C) તેઓ આછા પીળા રંગનાં ઘટ્ટ પ્રવાહિમાં 6–8 % પ્રોટીનમાં સૌથી વધુ પ્રોટીન છે.
(D) તે બધાં પ્રોટીન છે અને માત્ર પ્રતિકારકતા માટે જ જરૂરી છે.

(13) નીચે પૈકીનું કયું વિધાન મૂત્રપિંડ માટે ખોટું છે ?
(A) પ્રતિદિવસ આશરે 1200 ml પ્રવાહી મૂત્રપિંડ દ્વારા ગળાય છે.
(B) તેઓ શરીરના વજનના 1 % કરતાં પણ ઓછો હિસ્સો ધરાવે છે.
(C) જ્યારે શરીર આરામની સ્થિતિમાં હોય, ત્યારે 20 % કરતા પણ વધુ O_2 વાપરે છે.
(D) દરેક વખતે 120–125 મિલિ રુધિરરસ મૂત્રપિંડ નલિકામાં ધકેલાય છે.

(14) હેન્લેના લૂપની આરોહી ભુજાના પહોળા ભાગમાંથી ..... .
(A) NaCl ગાળણમાંથી આંતરાલીય પ્રવાહીમાં પસાર થઈ શકતો નથી.
(B) NaCl નિષ્ક્રિય વહન દ્વારા આંતરાલીય પ્રવાહીમાં પ્રવેશી શકે છે.
(C) NaCl સક્રિય વહન દ્વારા ગાળણમાંથી આંતરાલીય પ્રવાહીમાં પ્રવેશે છે.
(D) પાણી મુક્તપણે ગાળણમાંથી આંતરાલીય પ્રવાહીમાં પ્રવેશી શકે છે.

(15) નીચે પૈકીનો કયો ફેરફાર આસૃતિગ્રાહીઓને સક્રિય કરે છે ?
(A) દેહજળનું કદ, નહિ કે રુધિરનું કદ
(B) રુધિરનું કદ નહિ કે દેહજળનું કદ
(C) રુધિરનું કદ, દેહ પ્રવાહીનું કદ અને આયનિક સંકેન્દ્રણ
(D) રુધિરનું કદ અને દેહ પ્રવાહીનું કદ

(16) AB રૂધિરજુથ વાળી વ્યક્તિ સર્વગ્રાહી છે કારણકે
(A) RBC પર A અને B એન્ટીજનની હાજરી તથા રૂધિર રસમાં એન્ટીબોડીની ગેરહાજરી
(B) રૂધિરરસમાં એન્ટીબોડી A અને B ની હાજરી
(C) RBC પર એન્ટીજન નહી કે રૂધિરરસમાં એન્ટીબોડી નહી
(D) રૂધિરરસમાં બન્ને એન્ટીજન હાજર, એન્ટીબોડી ગેરહાજર

(17) દરેક હૃદચક્ર દરમ્યાન આવતો અવાજ સાંભળવા માટે ડોક્ટર સ્ટેથોસ્કોપનો ઉપયોગ કરે છે. તેમાં બીજો અવાજ
(A) કર્ણકોમાં રૂધિર ઉભરાતા ક્ષેપકની દિવાલમાં ધ્રુજારી થવાથી આવે છે.
(B) ક્ષેપકોમાંથી રૂધિર મહાધમનીમાં જાય ત્યારે અર્ધચંદ્રાકાર વાલ્વ બંધ થવાથી આવે છે.
(C) SA ગાંઠ માંથી AV–ગાંઠ સંદેશા મેળવે ત્યારે આવે છે.
(D) કર્ણક–ક્ષેપક વાલ્વ ખુલે ત્યારે આવે છે.

(18) નીચે પૈકી કયું વિધાન સાચું નથી ?
(A) હેન્લેના પાશનો અધોગામી હસ્ત દ્રાવ્યો માટે અપ્રવેશશીલ હોય છે.
(B) K^+ અને Na^+ ની સમસ્થિતિ જાળવવાનું કાર્ય દૂરસ્થ ગૂંચળામય નલિકા કરે છે.
(C) હેન્લેના પાશનો અધોગામી હસ્ત પાણી માટે અપ્રવેશશીલ હોય છે.
(D) સાંદ્રિત મૂત્ર માટે હેન્લેનો પાશ બહુધા જવાબદાર હોય છે.

(19) X-ECG માં P તરંગ ક્ષેપકોની દિવાલમાં વીજકિય ઉતેજના સૂચવે છે.
Y-QRS તરંગ કર્ણકમાં થયેલી વિધ્રુવીકરણ સૂચવે છે.
(A) X, Y સાચા (B) X, Y ખોટા (C) X સાચું, Y ખોટું (D) X ખોટું, Y સાચું

(20) નીચેનામાંથી ખોટું વિધાન પસંદ કરો.
(A) ફેફસા લગભગ 200 ml CO_2/minute દૂર કરે છે તથા H_2O પણ દૂર કરે છે.
(B) પ્રસ્વેદગ્રંથી દ્વારા NaCl, યુરિયા વગેરે દૂર થાય છે.
(C) લાળદ્વારા પણ અમુક માત્રામાં નાઈટ્રોજનયુક્ત દ્રવ્યનો ત્યાગ થાય છે.
(D) યકૃત દ્વારા વિઘટિત સ્ટીરોઈડ હોર્મોન્સ, ફેટિ એસિડ, વિટામિન્સ અને ડ્રગ્ઝનો ત્યાગ થાય છે.

(21) A – જો મૂત્રપિંડ બરાબર કાર્ય ન કરે તો રૂધિરમાં યુરિયા જમા થાય છે, તેને યુરેમિયા કહેવાય છે.
R – મોટી ધમનીમાંથી રૂધિર પંપ કરીને બહાર લવાય છે અને તેને ડાયેલાઈઝીંગ એકમમાં દાખલ કર્યા પહેલા એન્ટિહિપેરીન ઉમેરાય છે.
(A) A અને R સાચા (B) A અને R ખોટા (C) A ખોટું, R સાચું (D) A સાચું, R ખોટું

(22) બાઉમેનની કોથળીનાં ..... સ્તરનાં ..... કોષો જટીલ ગૂંચળામય, અંદરની તરફ વળીને ગાળણ છિદ્રો બનાવે તે રીતે ગોઠવાય છે.
(A) અંતઃચ્છદ, પોડોસાઈટ (B) અધિચ્છદ, પોડોસાઈટ
(C) આધારક આવરણ, JGA કોષો (D) અધિચ્છદ, JGA કોષો

(23) સ્નાયુ સંકોચન દરમ્યાન મનુષ્યમાં
(A) એક્ટીન તંતૂકો ટુંકા બને (B) સ્નાયુતંતુક ખંડ ટુંકો થતો નથી.
(C) A બીબની લંબાઈમાં કોઈ ફેરફાર થતો નથી. (D) A, H અને I બિંબ ટુંકા થાય છે.

(24) સ્નાયુ કે કંકાલતંત્રની અનિયમિતતા માટે સાચુ વિધાન પસંદ કરો.
(A) સ્નાયુબદ્ધ ડિસ્ટ્રોફી–વય સંકલીત સ્નાયુ ટુંકા થવા
(B) ઓસ્ટીયોપોરોસીસ–અસ્થિના દ્રવ્યમાં ઘટાડો થાય અને વધતી ઉમરે હાડકા તુટવાની ક્રિયાની સંભાવના વધે
(C) માયેસ્થેનીયા ગ્રેવીસ – સ્વરોગપ્રતીકારક રોગ જે માયોસીન તંતુના સરકવાને અવરોધ
(D) સંધિવા – કેલ્શીયમનો વધુ સંગ્રહ થવાની સાંધાનો સોજો

(25) નીચેનામાંથી કોણ તેની સાચી સંખ્યા દર્શાવે છે ?
(A) માનવમાં તરતી પાંસળી – 4 (B) પ્રોટીનમાં જોવા મળતાં એમીનો એસિડ – 16
(C) ડાયાબિટીસનાં પ્રકાર – 3 (D) માનવમાં ગ્રીવા કશેરૂકા – 8

(26) સાચી જોડ પસંદ કરો.
(A) ગ્રીવા કશેરૂકા–12 (B) ઉરસીય કશેરૂકા–07
(C) કટિકશેરૂકા–05 (D) ત્રિકકશેરૂકા–09

(27) યોગ્ય જોડ મેળવો :

કોલમ–I	કોલમ–II
(A) ટ્યુનિકા એક્સટર્ના	(1) સરળ સ્નાયુ
(B) ટ્યુનિકા મીડિઆ	(2) લાદીસમ અધિચ્છદ
(C) ટ્યુનિકા ઇન્ટીમા	(3) તંતુમય સંયોજકપેશી

(A) (A-3), (B-1), (C-2) (B) (A-2), (B-1), (C-3)
(C) (A-1), (B-3), (C-2) (D) (A-2), (B-3), (C-1)

(28) આપેલ નિવેદનો વાંચો અને સાચો વિકલ્પ પસંદ કરો.
નિવેદન 1 : શિરોધર અને અક્ષક કશેરૂકા વચ્ચેનું જોડાણ ઉખળી સાંધા બનાવે છે.
નિવેદન 2 : મિજાગરા સાંધા સાયનોવિયલ સાંધા છે.
(A) બંને નિવેદન 1 અને 2 સાચા છે.
(B) નિવેદન 1 યોગ્ય છે પરંતુ નિવેદન 2 ખોટું છે.
(C) નિવેદન 1 ખોટું છે પરંતુ નિવેદન 2 યોગ્ય છે.
(D) નિવેદન 1 અને 2 બંને ખોટા છે.

(29) માયેસ્થેનીઆ ગ્રેવીસ માટે આપેલા માંથી કયું વિધાન ખોટું છે.
(I) આ સ્વરોગપ્રતીકારણ રોગ નથી. (II) ચેતાસ્નાયુસંધાન ને અસર કરે છે.
(III) કંકાલ સ્નાયુ માં હાનીકારક અસર (IV) સરળસ્નાયુના પક્ષઘાત થાય છે.
(A) માત્ર I (B) I અને III (C) I, II, III અને IV (D) II અને III

(30) સિસ્ટોલ સમયે...
(A) કર્ણકો અને ક્ષેપકો એકસાથે સંકોચન પામે છે. (B) કર્ણકો અને ક્ષેપકો વારાફરતી સંકોચન પામે છે.
(C) ફક્ત જમણું કર્ણક જ સંકોચન પામે છે. (D) ફક્ત ડાબું કર્ણક જ સંકોચન પામે છે.

(31) વિધાન I : હૃદયના વાલ્વો રુધિરના પ્રવાહને ફક્ત એક જ દિશામાં વહન કરાવે છે.
વિધાન II : રુધિર કર્ણકોમાંથી ક્ષેપકોમાં અને ક્ષેપકોમાંથી ફુપ્ફુસીય ધમની અને મહાધમનીમાં આ વાલ્વો રુધિરપ્રવાહને પાછો ફરતો રોકે છે.
(A) વિધાન I અને II બંને સાચાં છે. (B) વિધાન I અને II બંને ખોટાં છે.
(C) વિધાન I સાચું છે અને વિધાન II ખોટું છે. (D) વિધાન II સાચું છે અને વિધાન I ખોટું છે.

(32) કંકાલ સ્નાયુ માટે સાચો જવાબ પસંદ કરો.
(I) મનુષ્ય શરીરમાં, કંકાલસ્નાયુ એ સ્નાયુજૂથોથી બનેલી રચના છે.
(II) સ્નાયુજૂથ એ અનેક સ્નાયુતંતુ ધરાવે છે અને દરેક સ્નાયુતંતુને લાંબુ આવરણ હોય છે, તેને સ્નાયુરસ આવરણ (સ્નાયુતંતુ પડ) કહે છે.
(III) સ્નાયુતંતુમાં સ્નાયુરસ એ એક કોષકેન્દ્ર ધરાવે છે.
(IV) સ્નાયુતંતુમાં, સ્નાયુકોષરસજાળ એ કેલ્શિયમનો સંગ્રહસ્થાન છે.
(A) માત્ર I (B) I અને II (C) I, II અને III (D) I, II અને IV

(33) રુધિર ગંઠાવાની ક્રિયા સાથે સંકલીત રોગ થાય છે કારણ કે.
(A) પ્લેટલેટસ ની સંખ્યા ઘટે (B) પ્લેટલેટસની સંખ્યામાં કોઈ પરિવર્તન નથી.
(C) પ્લેટલેટસની સંખ્યા વધે (D) શ્વેત કણોમાં વધારો

(34) માનવ હૃદયમાં ત્રીદલ વાલ્વમાં આવેલાં હૃદબદ્ધ તંતુમાં કોઈ ઈજાને કારણે આંશિક કાર્યક્ષમતા ગુમાવે તો તુરંત કઈ અસર થાય ?
(A) મહાધમનીમાં વહન પામતા રૂધિરનો પ્રવાહ ધીમો થાય.
(B) પેસ મેકર કામ કરતું બંધ થાય.
(C) જમણા કર્ણકમાં રૂધિરનું વહન પરત (back) થાય.
(D) ફુપ્ફુસીય ધમનીમાં થતું રૂધિરનું વહન ઘટે.

(35) યોગ્ય જોડકાં ગોઠવો.

કોલમ–I	કોલમ–II
(a) હાઈપરટેન્શન	(1) છાતીમાં ખૂબ ભારે દુઃખાવો.
(b) એથરોસ્કેલેરોસીસ	(2) રૂધિરને હૃદયમાંથી દબાણપુર્વક કાઢવાની ક્ષમતા ઘટે
(c) એન્જાઈના	(3) મગજ, મૂત્રપિંડ જેવા અંગોને અસર કરે.
(d) હૃદય નિષ્ફળતા	(4) ધમનીની દિવાલમાં કોલેસ્ટેરોલ જમા થાય.
(A) (a-2), (b-1), (c-3), (d-4)	(B) (a-3), (b-4), (c-1), (d-2)
(C) (a-3), (b-4), (c-2), (d-1)	(D) (a-1), (b-4), (c-2), (d-3)

(36) સ્નાયુસંકોચનની ક્રિયાવિધી માટે સાચું વાક્ય કયું નથી ?

(A) ઉત્તેજના દરમિયાન સ્નાયુ સંકોચાય છે ત્યારે આ તંતુકો (જાડા અને પાતળા) ની લંબાઈમાં કોઈ ફેર થતો નથી, ફક્ત એકબીજા પર સરકે છે.

(B) ઉત્તેજના દરમિયાન બે સ્નાયુતંતુક ખંડની Z–રેખા નજીક આવે છે.

(C) ઉત્તેજના દરમિયાન ઝાંખા બિંબમાં કોઈ ફેરફાર થતો નથી.

(D) આપેલ તમામ

(37) સાચું વિધાન કયું છે ?

(A) ખોપરીનો વિસ્તાર કરોડસ્તંભનાં અગ્રભાગે પશ્વકપાલી કંદુકથી જોડાયેલ છે.

(B) ઉરસીય કશેરૂકાની સંખ્યા 7 છે.

(C) અક્ષીય કંકાલમાં 90 અસ્થીનો સમાવેશ થાય.

(D) પાસખી ની કુલ સંખ્યા 42 હોય છે.

(38) A – એક્ટિન અને માયોસીન વચ્ચેની પારસ્પરિક અસરને કેલ્શિયમ ક્રિયાશીલ બનાવે છે.

R – સેતુનિર્માણ ફક્ત ATP ની હાજરીમાં થાય છે. જ્યારે ATP ની ગેરહાજરીમાં સેતુ નિર્માણ તૂટે છે.

(A) A અને R બંને સાચા (B) A અને R બંને ખોટા

(C) A સાચું અને R ખોટું (D) A ખોટું અને R સાચું

(39) A : અંતઃસ્ત્રાવ એ પોષક તત્વ નથી.

R : અંતઃસ્ત્રાવ એ આંતરકોષયી સંદેશવાહકની જેમ કાર્ય કરે છે અને વધારે પ્રમાણમાં ઉત્પન્ન થાય છે.

(A) A અને B બંને સાચા છે. (B) A અને B બંને ખોટા છે.

(C) A સાચું છે અને B ખોટું છે. (D) A ખોટું છે અને B સાચું છે.

(40) કેવી રીતે પેરાથાઈરોઈડ અંતઃસ્ત્રાવ રૂધિરમાં Ca^{+} નું પ્રમાણ વધારે છે.

(A) PTH અસ્થિપર કાર્ય કરી, અસ્થિવિનાશની પ્રવૃતિ ઉત્તેજે છે, જેથી હાડકામાંથી ખનીજો છુટ્ટા પડે છે.

(B) PTH મૂત્રપિંડ નલિકામાં Ca^{++} નું પુનઃઅભિશોષણ ઉત્તેજે છે.

(C) PTH પચેલા ખોરાકમાં રહેલા Ca^{+2} આયનનું શોષણ ઉત્તેજે છે.

(D) આપેલાં બધા.

(41) યોગ્ય જોડકા જોડો :

કોલમ–I	કોલમ–II
(1) પિટયુટરી	(p) શ્વાસનળી
(2) થાયરોઈડ	(q) ખોપરીના સ્ફિનોઈડ અસ્થિ (શેલા ટરસીકા)
(3) થાયમસ	(r) મૂત્રપિંડની અગ્રબાજુ
(4) એડ્રીનલ	(s) હૃદય અને ધમનીની વક્ષ બાજુ
(A) (1-q),(2-p),(3-s),(4-r)	(B) (1-q),(2-r),(3-s),(4-p)
(C) (1-r),(2-s),(3-p),(4-q)	(D) (1-s),(2-p),(3-q),(4-r)

(42) નીચેના માંથી કયો અંતઃસ્ત્રાવ અન્ય સ્થાનેથી ઉત્પન્ન થાય છે પણ પિટયુટરીમાં સંગ્રહ થાય છે અને મુક્ત થાય છે.
(A) લ્યુટેનાઈઝીંગ અંતઃસ્ત્રાવ (B) પ્રોલેક્ટીન
(C) MSH (D) એન્ટીડાયયુરેટીકહોર્મોન

(43) અસ્થિસુષીરતા માટે સાચું વિધાન કયું છે ?
(A) જે ચેતાસ્નાયુ સંધાનને અસર કરે છે, જેનાં લીધે થાક, નબળાઈ અને કંકાલસ્નાયુનો પક્ષઘાત થાય છે.
(B) યુરિક એસિડનાં ભરાવાથી સાંધામાં સોજો આવે છે.
(C) ઈસ્ટ્રોજનનું પ્રમાણ ઓછું થવાથી તે થાય છે.
(D) કંકાલસ્નાયુ ક્રમિક અવનત પામે છે.

(44) ખોટી જોડ પસંદ કરો.
(A) બહુધ્રુવીય ચેતાકોષ – બૃહદમસ્તિષ્કના બાહ્યકમાં
(B) એકધ્રુવીય ચેતાકોષ – ગર્ભીય અવસ્થા
(C) દ્વિધ્રુવીય ચેતાકોષ – નેત્રપટલ
(D) ચેતાકોષ – ચાર મુખ્ય ભાગથી બનેલી રચના

(45) મસ્તિષ્કસ્તંભ ધરાવે છે.
(A) અનુમસ્તિષ્ક, સેતુ, લંબમજ્જા (B) અનુમસ્તિષ્ક, હાયપોથેલેમસ, મધ્યમગજ
(C) સેતુ, લંબમજ્જા અને મધ્યમગજ (D) A અને B સાચા

(46) એરીથ્રોપોએટીન
(A) એરીથ્રોપોએસીસને ઉત્તેજે (B) એરીથ્રોપોએસીસ અવરોધે
(C) રૂધિરકણિકા નિર્માણને અવરોધે (D) રૂધિરકણિકા નિર્માણને ઉત્તેજે

(47) આપેલા વિધાનો ના આધારે સાચો જવાબ પસંદ કરો.
(I) હાઈપોથેલેમસ એ આંતર મસ્તિષ્કનું તળિયું છે.
(II) હાઈપોથેલેમસ, વિશાળ કાર્યક્ષેત્રની મર્યાદામાં શરીરનાં વિવિધ કાર્યોનું નિયમન કરે છે.
(III) હાઈપોથેલેમસ બે પ્રકારનાં અંતઃસ્ત્રાવ ઉત્પન્ન કરે છે.
(IV) ગોનેડોટ્રોફીન એ હાઈપોથેલેમસમાંથી ઉત્પન્ન થતો અંતઃસ્ત્રાવ છે.
(A) માત્ર I (B) માત્ર I અને II (C) I, II અને III (D) I, II, III અને IV

(48) યોગ્ય જોડ ગોઠવો.

કોલમ–I	કોલમ–II
(1) કોષકાય	(p) ઊર્મિવેગોનું વહન ચેતાકોષ કાય તરફ કરે છે.
(2) શિખાતંતુ	(q) ઊર્મિવેગોનું વહન ચેતાકોષકાય વિરૂધ્ધદિશામાં કરે છે.
(3) ચેતાપાગમીય સ્ત્રાવીપુટિકા	(r) કોષરસ અને કણીકા ધરાવે છે.
	(s) ન્યુરોટ્રાન્સમીટર

(A) (1-p),(2-q),(3-r) (B) (1-p),(2-q),(3-s)
(C) (1-r),(2-p),(3-s) (D) (1-r),(2-q),(3-p)

(49) સાચી જોડ શોધો :
(A) ભાગ–હાઈપોથેલેમસ, કાર્ય–જાતિય વર્ણણુંકનું નિયમન, લાગણીશીલ ક્રિયા સામે પ્રતીચાર
(B) ભાગ–સંકલીત વિસ્તાર (બૃહદ્મસ્તિષ્ક) કાર્ય–સંદેશાવ્યવહાર, યાદશકતી, આંતરસંવેદી સંકલન
(C) ભાગ–હાઈપોથેલેમસ + લિમ્બીકતંત્ર, કાર્ય–શરીરનાં તાપમાનની જાળવણી, ખાવા–પીવાની ઈચ્છાનું નિયંત્રણ
(D) ભાગ–ચેતાકોષનું મજ્જાપડ, કાર્ય–ઉર્મીવેગને બાજુનાં ચેતાકોષમાં જવા દે છે.

(50) ઈન્સ્ટ્રોજન સંબંધીત કયું વિધાન સાચું નથી ?
(A) વૃદ્ધિ પ્રેરે અને માદાનાં ગૌણ જાતિય લક્ષણો વિકસાવે.
(B) વિકસતી પૂટ્ટીકાનો વિકાસ કરવો.
(C) માદાના ગોણ જાતીય લક્ષણોનો વિકાસ (D) તે ગર્ભધારણ ને આધાર આપે છે.

(51) A–સીક્રિટીન પિત્તાશયનું સંકોચન પ્રેરી પિત્તરસમાં સ્ત્રાવ કરાવે છે.
R–કોલિસિસ્ટોકાઈનીન સ્વાદુપિંડને ઉત્સેચક ઉત્પન્ન કરવા પ્રેરે છે.
(A) A અને R બંને સાચા (B) A અને R બંને ખોટા
(C) A સાચું અને R ખોટું (D) A ખોટું અને R સાચું

(52) તે T–લસિકાકોષોનું વિભેદન પ્રેરે છે અને કોષીય પ્રતિકારતા પૂરી પાડે છે.
(A) શ્વાસનળીમાં પાર્શ્વ બાજુ આવેલ ગ્રંથીનો અંતઃસ્ત્રાવ
(B) બંને ફેફસાની વચ્ચે આવેલ ગ્રંથીનો અંતઃસ્ત્રાવ
(C) ખોપરીમાં સ્ફીનોઈડ ગર્ભમાં આવેલ ગ્રંથીનો અંતઃસ્ત્રાવ
(D) આંતરાલીય કોષો દ્વારા ઉત્પન્ન થતો અંતઃસ્ત્રાવ

(53) માનવનાં અંગોમાંથી કયા એક અંગને RBCs નું કબ્રસ્તાન કહેવાય છે ?
(A) પિત્તાશય (B) મૂત્રપિંડ (C) બરોળ (D) યકૃત

(54) પ્રત્યેક હૃદચક્ર દરમિયાન ઉત્પન્ન થતા અવાજને સાંભળવા માટે ડોક્ટર સ્ટેથોસ્કોપનો ઉપયોગ કરે છે. બીજો અવાજ ક્યારે સંભળાય છે ?
(A) SA ગાંઠ તરફથી AV ગાંઠ સંકેતો મેળવે છે.
(B) AV વાલ્વો ખૂલે છે.
(C) મહાધમનીમાંથી રુધિર ધકેલાવાને લીધે ક્ષેપકની દીવાલ ધ્રુજારી અનુભવે છે.
(D) અર્ધચંદ્રાકાર વાલ્વ બંધ થાય પછી ક્ષેપકોમાંથી રુધિરવાહિનીઓમાં રુધિરનું વહન કરે છે.

(55) વિધાન I : ઉચ્ચ રુધિરદાબ હૃદયરોગ તરફ દોરી જાય છે.
વિધાન II : ઉચ્ચ રુધિરદાબ મહત્ત્વપૂર્ણ અંગો જેવા કે મગજ અને મૂત્રપિંડને પણ અસર કરે છે.
(A) વિધાન I અને II બંને સાચાં છે. (B) વિધાન I અને II બંને ખોટાં છે.
(C) વિધાન I સાચું છે અને વિધાન II ખોટું છે. (D) વિધાન II સાચું છે અને વિધાન I ખોટું છે.

(56) હૃદયની કાર્યવિધિ સ્વયંવર્તી ચેતાંતત્ર દ્વારા નિયમન કરાય છે. સાચો જવાબ શોધો.
(A) પરાનુકંપી ચેતાતંત્ર હૃદયના ધબકારાને ઉત્તેજિત કરે છે. કદમાં વધારો કરે છે.
(B) અનુકંપી ચેતાતંત્ર હૃદયના ધબકારાને ઉત્તેજિત કરે છે. કદમાં વધારો કરે છે.
(C) પરાનુકંપી ચેતાતંત્ર હૃદયના ધબકારા ઘટાડે છે પણ રુધિરના કદમાં વધારો કરે છે.
(D) અનુકંપી ચેતાતંત્ર હૃદયના ધબકારા ઘટાડે છે પણ રુધિરના કદમાં વધારો કરે છે.

(57) રુધિર ગંઠાઈ જવાની પ્રક્રિયામાં નીચે પૈકી કયો આયન મહત્ત્વનો ભાગ ભજવે છે ?
(A) Na^{+} (B) Mg^{+2} (C) Fe^{+2} (D) Ca^{+2}

(58) A : હૃદચક્રમાં પ્રથમ અવાજ લબ એ હૃદયના ત્રિદલ અને દ્વિદલ વાલ્વોના બંધ થવાને કારણે આવે છે.
R : હૃદચક્રમાં બીજો અવાજ ડબ એ હૃદયના અર્ધચંદ્રાકાર વાલ્વોના બંધ થવાને કારણે આવે છે.
(A) A અને R બંને સાચાં છે અને R એ A ની સમજૂતી છે.
(B) A અને R બંને સાચાં છે પરંતુ R એ A ની સમજૂતી નથી.
(C) A સાચું છે અને R ખોટું છે. (D) A ખોટું પણ R સાચું છે.

(59) નીચેના પૈકી કયું વિધાન / વિધાનો ખોટાં છે ?
(i) મનુષ્યના ચેતાતંત્રમાં CNS અને PNS નો સમાવેશ થાય છે.
(ii) નીચલી કક્ષાના અપૃષ્ઠવંશી પ્રાણીઓમાં ચેતાકીય વ્યવસ્થા ખૂબ જ જટિલ હોય છે.
(iii) હાઈડ્રામાં ચેતાતંત્ર ચેતાજાલિકાનું બનેલ છે.
(iv) ચેતાતંત્ર એવી આયોજિત સુવ્યવસ્થા પૂરી પાડે છે, જે ત્વરિત સહનિયમન માટે દરેક સ્તરે જોડાયેલ રહે છે.
(v) ચેતાતંત્રના ચેતાતંતુઓ શરીરના બધા જ કોષોને સાંકળે છે.
(A) (ii) અને (iii) (B) (ii) અને (v)
(C) (iii) અને (iv) (D) (i) અને (iv)

(60) કંકાલ સ્નાયુઓનું નિયંત્રણ કોના દ્વારા થાય ?

(i) અનુકંપી ચેતાતંત્ર (ii) પરાનુકંપી ચેતાતંત્ર (iii) દૈહિક ચેતાતંત્ર (iv) સ્વયંવર્તી ચેતાતંત્ર

(A) માત્ર (iv) (B) (i) અને (ii) (C) માત્ર (iii) (D) (iii) અને (iv)

(61) પરાનુકંપી ચેતાતંત્રના કાર્યને અનુલક્ષીને નીચેના પૈકી કઈ જોડ સાચી છે ?

(i) હૃદયના ધબકારા ઘટાડે. (ii) સ્વાદુપિંડના સ્ત્રાવને ઉત્તેજે.

(iii) પ્રસ્વેદગ્રંથિ અને આંત્રગ્રંથિઓના સ્ત્રાવને ઉત્તેજે. (iv) રુધિરદાબ વધારે (v) હૃદયના ધબકારા વધારે.

(A) (i) અને (iii) (B) (iv) અને (v) (C) (i) અને (ii) (D) (iii), (iv) અને (v)

(62) નીચેના પૈકી કયું વિધાન સાચું છે ?

(A) CNS માં મગજ અને કરોડરજજુનો સમાવેશ થાય છે.

(B) PNS માં દૈહિક ચેતાતંત્ર અને સ્વયંવર્તી ચેતાતંત્રનો સમાવેશ થાય છે.

(C) PNS મગજ અને કરોડરજજુમાંથી સર્જાતી બધી જ ચેતાઓથી બને છે.

(D) આપેલ તમામ

(63) મજિજત ચેતાતંતુને અનુલક્ષીને સંગત વિધાનો પસંદ કરો.

(i) તે હંમેશા ચેતાક્ષ સાથે સંકળાયેલ હોય છે. (ii) તે કરોડરજજુ અને મસ્તિષ્ક ચેતાઓમાં મળી આવે.

(iii) તેમાં ઊર્મિવેગનું વહન ઝડપી થતું નથી. (iv) તેઓ રેન્વિયરની ગાંઠ ધરાવે છે.

(v) તેઓ શ્વસના કોષો આવરણોથી આવરિત હોય છે.

(A) (i), (ii) અને (iv) (B) (ii) અને (iv)

(C) (i), (ii), (iv) અને (v) (D) (ii), (iv) અને (v)

(64) ચેતાતંતુમાં ચેતાઊર્મિવેગની દિશા નિશ્ચિત હોય છે, કારણ કે ....

(A) શિખાતંતુઓ ચેતાપ્રેષક દ્રવ્યનો સ્ત્રાવ કરી શકતા નથી.

(B) ચેતાતંતુઓ મજ્જાપડ દ્વારા આવરિત હોય છે.

(C) અક્ષતંતુઓ દ્વારા સર્જાતા ચેતાપ્રેષક દ્રવ્ય શિખાતંતુઓ દ્વારા સ્ત્રાવ પામે છે.

(D) Na^+-K^+ પંપ કોષકાયથી શિખાતંતુ તરફ કાર્ય કરે છે.

(65) (i) મજિજત ચેતાતંતુઓ સ્વયંવર્તી અને દૈહિક ચેતાતંત્રમાં મળી આવે છે.

(ii) મજિજત ચેતાતંતુઓ સ્વોનના કોષો દ્વારા આવૃત હોય છે અને ચેતાક્ષની ફરતે મજ્જા આવરણ બનાવે છે.

(iii) અમજિજત ચેતાતંતુઓ કરોડરજજુ અને મસ્તિષ્ક ચેતાઓમાં મળી આવે છે.

(iv) અમજિજત ચેતાતંતુઓ સ્વોનના કોષ દ્વારા આવૃત્ત હોય છે. તેઓમાં રેન્વિયરની ગાંઠ જોવા મળે છે.

(v) ચેતાકોષના ચેતોપાગમીય ફાટમાંથી એસિટાઈલ કોલાઈનનો સ્ત્રાવ થાય છે.

આપેલ વિધાનોમાંથી સાચાં અને ખોટાં વિધાનો માટેનો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) વિધાન (ii), (v) સાચાં છે, જ્યારે વિધાન (i), (iii), (iv) ખોટાં છે.

(B) વિધાન (i), (ii) સાચાં છે, જ્યારે (iii), (iv), (v) ખોટાં છે.

(C) વિધાન (i), (ii), (iv) સાચાં છે, જ્યારે (iii), (v) ખોટાં છે.

(D) વિધાન (v) સિવાય બધાં જ વિધાનો ખોટાં છે.

(66) નીચેના પૈકી સાચાં વિધાન / વિધાનો કયા છે ?

(i) સક્રિય કલાવીજસ્થિતિમાનના નિર્માણ માટે Na^+ અને K^+ બંને આયનો જવાબદાર છે.

(ii) સક્રિય કલાવીજસ્થિતિમાનને ચેતા ઊર્મિવેગ કહે છે.

(iii) ધ્રુવીકૃત ચેતાતંતુના ચેતાપડમાં વીજસ્થિતિમાન ભિન્ન હોય છે જેને વિશ્રામી કલાવીજસ્થિતિમાન કહે છે.

(iv) વિદ્યુતકીય ચેતોપાગમમાં ઊર્મિવેગનું વહન એસીટાઈલકોલીન દ્રવ્ય દ્વારા થાય છે.

(A) (i) અને (iii) (B) (ii), (iii) અને (iv)

(C) (i), (ii) અને (iii) (D) (ii) અને (iii)

(67) મનુષ્યમાં અક્ષીય કંકાલ કેટલા અસ્થિઓથી બને છે ?

(A) 106 (B) 103 (C) 100 (D) 80

(68) નીચેના પૈકી કઈ જોડ અસંગત છે ?

(A) સંગઠન વિસ્તારો – યાદશક્તિ અને વાતચીત માટે જવાબદાર

(B) લંબમજ્જા – જઠરના સ્ત્રાવોનું નિયંત્રણ કરે.

(C) લિંબિક તંત્ર – લાગણીની પ્રતિક્રિયાની અભિવ્યક્તિ અને પ્રેરણાનું નિયમન કરે.

(D) કેલોસમકાય – બૃહદ્ મસ્તિષ્ક અને અનુમસ્તિષ્ક વચ્ચે સંદેશાઓનું વહન કરે.

(69) નીચે પૈકીનું કયું વિધાન અસંગત છે ?

(A) માદામાં અંડપિંડ ઉપરીય ગુહામાં આવેલા છે.

(B) અંડપિંડ અંડકોષ અને સ્ટેરોઇડ અંતઃસ્ત્રાવના બે જૂથ (ઇસ્ટ્રોજન અને પ્રોજેસ્ટેરોન) નું સર્જન કરે છે.

(C) અંડપિંડ અંડપુટિકાઓ અને આધારક પેશીનું બનેલ છે.

(D) શુક્રપિંડ અને અંડપિંડ પ્રાથમિક લિંગી પ્રજનનાંગ ઉપરાંત અંતઃસ્ત્રાવી ગ્રંથિ તરીકે વર્તે છે.

(70) નીચે પૈકીનું કયું વિધાન થાયમોસિન માટે લાગુ પડતું નથી ?

(A) વૃદ્ધાવસ્થામાં થાયમોસિનનું ઉત્પાદન વધે છે, જેથી પ્રતિકારકતા શક્તિશાળી બને છે.

(B) થાયમોસિન થાઈરોઈડ ગ્રંથિમાંથી સર્જાય છે.

(C) તે કોષીય પ્રતિકારકતા ઉપરાંત, એન્ટિબોડીના ઉત્પાદન દ્વારા હકારાત્મક પ્રતિકારકતા પૂરી પાડે છે.

(D) (A) અને (B) બંને

(71) નીચે પૈકીનો કયો વિકલ્પ સાચો નથી ?

(A) માદામાં, LH પરિપક્વ ગ્રાફિયન પુટિકામાં અંડપાત પ્રેરે છે અને કોર્પસ લ્યુટિયમની જાળવણી કરે.

(B) નરમાં, LH શુક્રપિંડમાંથી એન્ડ્રોજન્સ (ટેસ્ટોસ્ટેરોન)નાં સંશ્લેષણ અને સ્ત્રાવને ઉત્તેજે છે.

(C) નરમાં, FSH અને એન્ડ્રોજન્સ શુક્રકોષજનનનું નિયમન કરે છે.

(D) FSH માત્ર નરમાં જ નિર્માણ પામે છે.

(72) અનુકંપી ચેતાઓ ચેતા–સંદેશાઓ દ્વારા...

(A) હૃદયના સ્પંદનોના દરમાં વધારો, સક્રિય કલા–વીજસ્થિતિમાનની વાહકની ગતિમાં ઘટાડો, હૃદકાર્યક્ષમતા ઘટાડે

(B) હૃદયના સ્પંદનોના દરમાં વધારો, ક્ષેપક સંકોચનનું બળ વધારે, હૃદક્ષમતામાં વધારો

(C) હૃદયના સ્પંદનોના દરમાં ઘટાડો, ક્ષેપક સંકોચનનું બળ ઘટાડે, હૃદક્ષમતામાં વધારો

(D) આમાંથી એક પણ નહીં.

(73) નીચે આપેલ કઈ રચના તેની લાક્ષણિકતા સાથે સંગત નથી ?

(A) સંગઠન વિસ્તારો – અનુમસ્તિષ્કમાં હાજર હોય અને તે જટિલ કાર્યો જેવા કે આંતરસંવેદી સંગઠનો, યાદશક્તિ અને વાતચીત માટે જવાબદાર છે.

(B) હાઈપોથેલેમસ – થેલેમસના તળિયે આવેલ હોય અને શરીરના તાપમાન, ખાવાની અને પીવાની તીવ્રતાનું નિયંત્રણ કરે.

(C) લિંબિંક ખંડ – હાઈપોથેલેમસની સાથે મળી તે જાતીય વર્તણૂક, લાગણીની પ્રતિક્રિયાની અભિવ્યક્તિ અને પ્રેરણાનું નિયમન કરે.

(D) બહિર્વાહી તંતુઓ – ઊર્મિવેગોનું વહન CNS થી પરિઘવર્તી અંગો તરફ કરે.

(74) અસ્થિ મત્સ્યો, જલીય ઉભયજીવીઓ અને જલીય કીટકો એમિનોટેલિક પ્રકૃતિના છે. આ માટેનું કારણ દર્શાવતો યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(A) આ પ્રાણીઓમાં ઉત્સર્ગ અંગ તરીકે મૂત્રપિંડનલિકા આવેલી છે, જે નાઈટ્રોજનયુક્ત કચરાના નિકાલમાં અને પ્રવાહી કદ નિયમન તેમજ આયનિક સંતુલન જાળવવામાં મદદ કરે છે.

(B) તેઓ યુરિક એસિડનું પાણીના ન્યૂનતમ વ્યય દ્વારા ગોળકો અથવા લુગદી સ્વરૂપે ઉત્સર્જન કરે છે.

(C) તેઓ ખૂબ ઓછા વિષારી નાઈટ્રોજનયુક્ત નકામા દ્રવ્ય તરીકે એમોનિયાનો ત્યાગ કરે છે.

(D) તેઓ ઉત્સર્ગ દ્રવ્ય તરીકે એમોનિયાનો ત્યાગ કરે છે.

(75) નીચે પૈકીનું કયું વિધાન માનવ મૂત્રપિંડ માટે લાગુ પડતું નથી ?
(A) મૂત્રપિંડની અંતર્ગોળ સપાટીમાં આવેલ ખાંચને નાભિ (Hilum) કહે છે.
(B) માલ્પિધિયન કણિકાઓ બાહ્યક પ્રદેશમાં આવેલ છે.
(C) બહારનો ભાગ બાહ્યક અને અંદરનો વિસ્તાર મજ્જક કહેવાય છે.
(D) રુધિરકેશિકાગુચ્છમાં રુધિર બહિર્વાહી ધમનિકા દ્વારા પ્રવેશે છે.

(76) વિધાન A : ઓક્સિટોસિનને એન્ટિડાયયુરેટીક અંતઃસ્ત્રાવ (ADH) કહે છે.
કારણ R : વાસોપ્રેસિન મૂત્રપિંડમાં પાણીના પુનઃશોષણને પ્રેરે છે.
(A) A અને R બંને સાચાં છે; R એ A ની સાચી સમજૂતી છે.
(B) A અને R બંને સાચાં છે; R એ A ની સાચી સમજૂતી નથી.
(C) A સાચું છે, પરંતુ R ખોટું છે. (D) A અને R બંને ખોટાં છે.

(77) 'X' અંગ વધુ રૂધિર પુરવઠો ધરાવે છે. તે એક અંતઃસ્ત્રાવ સર્જે છે જેની ઊણપથી ક્રીટીનીઝમ થાય છે. તે થવાનું કારણ જણાવો.
(A) ઈન્સ્યુલીનની ગેરહાજરી છે. (B) GH નો અતિસ્ત્રાવ છે.
(C) બાળપણથી થાયરોક્સિનનો ઓછો સ્ત્રાવ (D) એડ્રીનાલિનનું વધુ પ્રમાણ છે.

(78) નીચે પૈકીના કયા અંગોની જોડ માત્ર અંતઃસ્ત્રાવી ગ્રંથિ તરીકે વર્તે છે ?
(A) એડ્રિનલ અને અંડપિંડ (B) સ્વાદુપિંડ અને પેરાથાઈરોઈડ
(C) પેરાથાઈરોઈડ અને એડ્રિનલ (D) થાયમસ અને શુક્રપિંડ

(79) કંકાલ સ્નાયુઓના સંકોચનમાં કેલ્શિયમ મહત્ત્વનું છે. કારણ કે...
(A) એક્ટિન તંતુથી માયોસિનના શીર્ષ ભાગને છૂટું પાડે છે.
(B) માયોસિન માટે ક્રિયાત્મક સ્થાનોએ ખુલ્લા કરવા ટ્રોપોનીન સાથે જોડાય છે.
(C) એક્ટિન તંતુઓ અને માયોસિન સેતુ વચ્ચે બંધ રચાતા અટકાવે છે.
(D) માયોસિન ATPase સાથે જોડાઈને તેને સક્રિયા બનાવે છે.

(80) સ્નાયુસંકોચનના સરકતા સ્નાયુ સિદ્ધાંત અનુસાર,
(A) એક્ટિન ATP સાથે જોડાય અને તેને તોડે જ્યારે માયોસિન એક્ટિન સાથે સેતુ બનાવે.
(B) જાડા અને પાતળા તંતુકો આ પ્રક્રિયા દરમ્યાન તેમની લંબાઈ બદલતા નથી.
(C) તંતુકો સરકે ત્યારે માયોસિનમાંથી કેલ્શિયમ આયન મુક્ત થાય છે.
(D) ઉપરોકત તમામ

(81) નીચેના પૈકી કયું વિધાન મનુષ્યને અનુલક્ષીને અસત્ય છે ?
(I) પશ્ચમણિબંધાસ્થિ પાંચ હોય છે.
(II) કપ આકારનું એક અસ્થિ જેને ઘૂંટણનું અસ્થિ કહે છે, જે ઘૂંટણને પશ્ચ ભાગે ઢાંકે છે.
(III) ખોપરી દ્વિકંદૂક છે.
(IV) નિતંબમેખલા એ સ્કંધાસ્થિ ધરાવે છે.
(A) (I) અને (III) (B) (II) અને (III) (C) (I) અને (IV) (D) (II) અને (IV)

(82) સાચું જોડકું પસંદ કરો.

કોલમ–I	કોલમ–II
(A) સાચી પાંસળી	(I) 8 થી 10 મી જોડ
(B) ખોટી પાંસળી	(II) 11 થી 12 મી જોડ
(C) તરતી પાંસળી	(III) એક
(D) ઉરોસ્થિ	(IV) 1 થી 7 જોડ

(A) (A-II), (B-III), (C-IV), (D-I) (B) (A-IV), (B-I), (C-III), (D-II)
(C) (A-IV), (B-I), (C-II), (D-III) (D) (A-II), (B-IV), (C-I), (D-III)

(83) કોલિસિસ્ટોકાઈનીન (CCK) અને સિક્રેટીન એ..

(A) યકૃતને ઉત્તેજિત કરતા અંતઃસ્ત્રાવ છે.

(B) ઉત્સેચકો છે.

(C) સ્વાદુપિંડને ઉત્તેજિત કરતા અંતઃસ્ત્રાવ છે.

(D) પક્વાશયના શ્વેષ્મ સ્તરમાંથી મુક્ત થતા અંતઃસ્ત્રાવ છે અને જે અનુક્રમે પિત્તાશય અને સ્વાદુપિંડને ઉત્તેજિત કરે છે.

(84) પ્રોટીનમય અંતઃસ્ત્રાવની ક્રિયાવિધિમાં, દ્વિતીય સંદેશાવાહક તરીકે શું આવેલ છે ?

(A) ચક્રીય AMP (B) ATP (C) GTP (D) ATP અને AMP બંને

(85) નીચેનાં વિધાનો માટે યોગ્ય વિકલ્પ પસંદ કરો.

(a) ચપટાકૃમિમાં જ્યોતકોષો ઉત્સર્ગીય રચનાઓ છે.

(b) હરિતગ્રંથિ નુપૂરકમાં ઉત્સર્ગઅંગો છે.

(c) મૂત્રપિંડ નિવાપના શંકુમય પ્રવર્ધો જે મજ્જક અને રિનલ પિરામિડની વચ્ચે લંબાયેલ રચનાઓને કોલમ ઓફ બર્ટિની કહે છે.

(A) a અને c સાચાં (B) a અને b ખોટાં (C) b અને c ખોટાં (D) a, b અને c સાચાં

(86) નીચે પૈકના કયા વિધાન / વિધાનો ખોટાં છે ?

(I) મૂત્રપિંડમાં બાહ્યક અને મજ્જક એમ બે વિસ્તારો આવેલા છે.

(II) પિરામિડ કેલાયસીસમાં વિસ્તરેલ હોય છે.

(III) બાહ્યક, મજ્જક પિરામિડની વચ્ચે રિનલ કોલમ તરીકે લંબાય છે, જેને બર્ટિનીનાં સ્તંભો કહે છે.

(IV) મજ્જક એ મુત્રપિંડ નાલીકા નો હેન્લીસનો પાસ ધરાવે છે.

(A) IV (B) I અને IV (C) II અને IV (D) એક પણ નહીં.

(87) ઉત્તેજના – સંકોચન સંયોજકના નિર્માણમાં નીચેનામાંથી કઈ ઘટના જોવા મળતી નથી ?

(A) એક્ટિન અને માયોસિનનું સેતુ નિર્માણ (B) ATP માંથી ADP માં જળવિભાજન

(C) પ્રેરક–અંત તકતીનું સંભવિત ઉત્પાદન (D) ટ્રોપોનીનમાંથી કેલ્શિયમનું છૂટું પાડવું.

(88) નીચે પૈકીની કઈ પરિસ્થિતિમાં પેરાથાઈરોઈડ ગ્રંથિ ઉત્તેજિત થઈ તેના સ્ત્રાવને પ્રેરે છે ?

(A) અસ્થિમાં Ca^{++} નું નીચું સ્તર (B) રૂધિરમાં Ca^{++} નું નીચું સ્તર

(C) રૂધિરમાં Ca^{++} નું ઊંચું સ્તર (D) સક્રિય વિટામિન D ના સ્તરમાં ઘટાડો

(89) પાણીનાં અને ઈલેક્ટ્રોલાયટ્સનાં પુનઃશોષણ મૂત્રપિંડનાં દૂરસ્થ નલિકા દ્વારા ઉત્તેજીત કરી અને મૂત્ર દ્વારા પાણીની ઘટને (મૂત્રવર્ધક પદાર્થ) ઓછી કરે છે.

(A) ઓક્સીટોસિન (B) વાસોપ્રેસિન (C) FSH (D) LH

(90) નીચેનામાંથી કયો વિકલ્પ અમજ્જિત ચેતાક્ષના વિભાગમાં Na^+ અને K^+ આયનોના વિતરણને દર્શાવે છે જે વિશ્રામી સંભવિત છે ?

(A) 

(B) 

(C) 

(D)